ૐ

# શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ

વી.નિ. સં. ૨૪૭૭, માહ વદ-૧ તા. ૨૨-૨-૫૧, ગુરુવાર

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ વી.નિ.સં. ૨૪૭૬ના ચૈત્ર વદ-૫, શુક્રવાર, તા. ૭-૨-૫૦ના રોજ શ્રીમદ્ રાજચંદ્રના સમાધિ-મૃત્યુદિને રાજકોટમાં આપેલ વ્યાખ્યાન, તેના રેકોર્ડિંગ રીલના વ્યાખ્યાન ઉપરથી સાર

(૨૪૭૭, માહ સુદ ૧૩, સોમવાર, તા. ૧૯-૨-૫૧)

શ્રીમદ્‌નો આજે સમાધિ દિવસ છે. સમાધિ એટલે શું? આત્મા અનાદિથી અવસ્થામાં અસમાધિથી, અશાંતિથી રખડે છે. તેને ધર્મ અથવા શાંતિ કેમ થાય? કોઈ શારીરિક ક્રિયા અથવા શ્વાસરૂંધન તે સમાધિ નથી.

જીવ હિત કરવા માગે છે તેનો અર્થ એ છે કે પોતાની વર્તમાનદશામાં અહિત છે, તે અહિતને પલટાવી તે હિત કરવા માગે છે. હિત કરવું, ઠીક કરવું, શ્રેય કરવું, સારું કરવું, ધર્મ કરવો તે બધા એક જ અર્થમાં છે. આત્મા વર્તમાનમાં અહિતમાં, અશ્રેયમાં, અશાંતિમાં, અધર્મમાં છે, અસુખી છે. તે અહિત કેમ થઈ રહ્યું છે, કોના લીધે અકલ્યાણ છે તે જાણવું જોઈએ. વળી અહિતને ટાળવા માગે છે તો તે અહિત  કાયમનો સ્વભાવ હોઈ શકે નહિ. તે ક્ષણિક છે, તેથી તે પલટી શકે છે ને હિત કરી શકે છે અને પદાર્થ કાયમી રહે છે તેમ સમજે તો ધર્મ થાય.

‘‘ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર’’....શ્રીમદ્

આત્મા વર્તમાન અવસ્થામાં નિરર્થક મિથ્યાબુદ્ધિ કરીને વિકાર, અજ્ઞાન, રાગ-દ્વેષ, દયાદાનાદિના ભાવો કરી સમસ્ત સંસાર ઉત્પન્ન કરે છે. જે અધર્મને જીવ ટાળવા માગે છે તે અંતઃતત્ત્વમાં હોય તો કદી ટળે નહિ ને અંતઃતત્ત્વમાં શાંતિ ન હોય તો અધર્મ ટળી શાંતિ ક્યાંથી આવશે? વસ્તુ કાયમ રહીને અવસ્થા પલટન પામે છે.

શરીર તથા વિષયોમાં સુખ છે એવી ભ્રાંતિ તથા કામક્રોધાદિના તથા દયાદાનાદિના ભાવો તે બધા ચૈતન્યથી વિરુધ્ધ ભાવો છે, તે બહિર્મુખ ભાવો છે. મિથ્યાદ્રષ્ટિની શ્રદ્ધા, રાગ ને પુણ્ય-પાપમાં જ અટકે છે. તે પુણ્ય-પાપને જ આત્મા માને છે ને તે સ્વભાવથી વિપરીત આચરણ કરી રહ્યો છે, તેનો આનંદ સ્વને બદલે પરમાં રોકાઈ જાય છે, તેનું વીર્ય પણ સ્વરૂપરચનાથી વિરુધ્ધ કાર્યમાં રોકાઈ જાય છે, તેનું અસ્તિત્વ વિકારના અસ્તિત્વમાં રોકાઈ જાય છે. આ પ્રમાણે મિથ્યાદ્રષ્ટિના બધા ગુણોની અવળી દશા પોતાના અજ્ઞાનને લીધે છે, કર્મ અથવા બીજી ચીજો વિકાર કરાવે છે એમ નથી. સમસ્ત આ સંસારદશા વિદ્યમાન વર્તે છે. સંસાર તુચ્છ અભાવરૂપ નથી. પર્યાયમાં સંસાર ન જ હોય તો તેનો અભાવ કરવાનો પ્રસંગ રહેતો નથી. ''ઉપજે મોહ વિકલ્પથી'' તેમાં ઊપજે કહ્યું છે એટલે તે પર્યાયમાં છે પણ વસ્તુમાં નથી. નવો વિકારીભાવ અજ્ઞાનથી ઉત્પન્ન કરે છે. મુમુક્ષુ જીવોએ આટલી વાત તો પ્રથમ જ કબૂલ રાખવી જોઈએ.

૧. વર્તમાન સંસારભાવ તુચ્છ અભાવ નથી કારણ કે જો તુચ્છ અભાવ હોય તો તેને ટાળી શાંતિ લાવવાનું રહેતું નથી. પણ જીવ તે અશાંતિને ટાળવા માગે છે માટે તે સમય–પૂરતી અવસ્થા વિદ્યમાન છે.

૨. તે ભૂલ પોતાના કારણે થયેલ છે, કર્મ અથવા નિમિત્તે કરાવેલ નથી. પર પદાર્થોના કારણે સંસાર હોય તો સંસાર કદી ટળી શકે નહી.

૩. તે અધર્મને ટાળી શકાય છે કારણ કે તે ક્ષણિક છે. કાયમનો સ્વભાવ હોય તો અધર્મ આત્માનો સ્વભાવ થઈ જાય.

૪. ધ્રુવના લક્ષે ધર્મ પ્રગટ થઈ શકે છે. ધ્રુવ સ્વભાવમાં શાંતિ ન હોય તો શાંતિ ક્યાંથી આવે? અપ્રાપ્તની પ્રાપ્તિ ન હોય પણ પ્રાપ્તની પ્રાપ્તિ થઈ શકે છે. અશ્રેયમાંથી શ્રેય ન આવે માટે ધ્રુવને લક્ષે ધર્મપર્યાય પ્રગટ થાય છે.

૫. હું આ પ્રમાણે અણસમજણમાંથી સમજણ કરવા માગું છું તો મારા પહેલાં સમજેલા પુરુષો પણ થઈ ગયા હોવા જોઈએ. હું અત્યારે સાધક છું ને પરિપૂર્ણ થવા માગું છું તો સ્વભાવનો પરિપૂર્ણ આશ્રય કરી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંત સુખ જેને પ્રગટ્યું છે એવા

જીવ હોવા જોઈએ. તેવા સર્વજ્ઞ એક નહિ પણ અનંત અનંત હોવા જોઈએ.

૬. વળી તે સર્વજ્ઞોમાંથી કોઈ વાણીના યોગવાળા પણ હોવા જોઈએ.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? શ્રીમદ્

જુઓ, શ્રીમદે આ સર્વજ્ઞનો પોકાર કર્યો છે. સ્વરૂપ કહી શક્યા નહિ એટલે કે પરિપૂર્ણ કહી શક્યા નહિ—એમ કહ્યું છે. વાણીમાં કહેવાયોગ્ય સ્વરૂપ તો તેમની વાણીમાં પૂરું આવે છે. શરીર ને વાણીના યોગવાળા પરમાત્મા હોવા જોઈએ. ન હોય તો વાણી વગર વસ્તુસ્વરૂપની છદ્મસ્થ જીવને ખબર પડે નહિ.

૭. વળી શરીર સહિત સર્વજ્ઞજીવ સદાકાળ રહે તેમ પણ બને નહિ માટે અશરીરિ સિધ્ધદશા પણ છે, એટલે સિધ્ધના જીવો સાબિત થાય છે.

૮. અર્હંત અને સિધ્ધ આવી રીતે થયા, તે દશાની હું પ્રાપ્તિ કરવા માંગુ છું તો તેવી રીતે ચૈતન્યસ્વરૂપ જ્યોતને આશ્રયે ભ્રાંતિ ટાળી ધર્મની સાધના કરવાવાળા સાધક જીવો પણ હોવા જોઈએ.

૯. જે જીવો સમજે તેને જ્ઞાનીની વાણી પણ નિમિત્તરૂપે હોવી જોઈએ માટે દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપ પહેલે ધડાકે નક્કી કરવું જોઈએ.

૧૦. જેને ધર્મ કરવો છે તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનું વલણ હોય છે ને તે તેમના ઉપદેશ પ્રમાણે તે સ્વરૂપ નક્કી કરે છે પણ તેમના તરફ વલણ થયા પછી સ્વભાવ તરફ વલણ ન કરે તો એકલા દેવ-ગુરુ-શાસ્ત્રના વલણમાં ધર્મ થશે નહિ. "અંતર્મુખ અવલોકતાં" કહ્યું છે. ચોસઠ પહોરી પીપરમાં ઉગ્રતા-તીખાશ અંદર ભરી છે તે ઘસવાથી બહાર આવે છે તેમ આત્મામાં આનંદ, જ્ઞાન, દર્શન આદિ શક્તિઓનો સ્વભાવ પડેલો છે તેના અંતર્મુખ અવલોકનથી ધર્મદશા ઉત્પન્ન થાય છે, બહિર્મુખ અવલોકતાં ધર્મ થતો નથી.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત...''શ્રીમદ્''

આ 'આત્મસિદ્ધિ'નું મંગલાચરણ છે. આત્માના શાંત સ્વભાવને સમજ્યા વિના હું દુઃખ પામ્યો છું. આત્માની શાંતિ ને અનુભવ વિના, નિજરસના આશ્રય વિના, ચિદાનંદ ધ્રુવ ભગવાનની ઓળખાણ વિના હું દુઃખ પામ્યો છું. કોઈએ ભૂલ કરાવી નથી. મારી સમજવાની લાયકાત વખતે સમજાવનાર જ્ઞાની ગુરુ હાજર હતા એમ સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં નક્કી થાય છે, પણ ગુરુ અભાવરૂપ ન હતા. તેમણે જે પદ સમજાવ્યું તે પદને તથા સમજાવનાર શ્રી જ્ઞાનીના ચરણકમલમાં હું નમસ્કાર કરું છું.

પર પદાર્થ સાથેની એકત્વબુદ્ધિ દુઃખનું કારણ છે. ક્ષુધા, તૃષા દુઃખ નથી. આહાર પાણી મળવા તે સુખ નથી. નિર્ધનતા દુઃખ નથી ને સધનતા તે સુખ નથી. રોગ તે દુઃખ નથી ને નીરોગતા તે સુખ નથી. કાળાપણું અવગુણ નથી ને રૂપાળાપણું ગુણ નથી. પણ શરીરાદિની અવસ્થા મારાથી થાય છે, એવી ભ્રાંતિ તે દુઃખ છે. संसरणम् એટલે કે સ્વભાવથી ખસવું તે સંસાર છે.

૧૧. વળી આ સંસાર સ્વભાવને લક્ષે હોઈ શકે નહિ પણ પરલક્ષે થતો હોવો જોઈએ. માટે વિકારનું નિમિત્ત જડકર્મ હોવું જોઈએ. જે જડકર્મ આત્માથી વિલક્ષણ સ્વભાવવાળું નક્કી થાય છે.

૧૨. વિકારમાં નિમિત્ત એક જ પરમાણું હોય એમ પણ બને નહિ કારણ કે પુણ્ય-પાપના ભાવમાં હીનાધિકપણું અનેક પ્રકારનું છે માટે જડ કર્મો પણ વિલક્ષણ સ્વભાવવાળા અનંત પ્રકારનાં નિમિત્તરૂપે હોવાં જોઈએ. પણ તે રાગ કરાવી દેતાં નથી પણ જીવ રાગ કરે છે ત્યારે નિમિત્ત કહેવાય છે. હું મારામાં મારા કારણે રાગ કરું તો જડ કર્મો તેના કારણે આવે છે. આત્માના એકક્ષેત્રે આવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે.

૧૩. વળી વિકાર પલટવા યોગ્ય છે તો વિકારનાં નિમિત્તો-કર્મો પણ પલટવા યોગ્ય છે એમ નક્કી થાય છે. સ્વભાવનું ભાન થતાં કર્મો પલટે નહિ તેમ કદી બને નહિ. જેટલી સ્વભાવમાં સ્થિરતા થાય તેટલો કર્મનો અભાવ થાય છે.

૧૪. સ્વભાવના લક્ષે વિકારનો નાશ કરી ધર્મદશા પ્રગટ કરી શકું છું તો શુદ્ધદશામાં પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોવાં જોઈએ પણ તેને લઈને શુદ્ધતા પ્રગટે છે—એમ નથી. પણ જીવ સમજે ત્યારે સમજાવનાર ગુરુ આદિ હોય છે એમ જ્ઞાનમાં જણાયું છે. તેને લીધે ધર્મ થતો હોય તો અંતર્મુખ અવલોકવાનો પ્રસંગ રહેતો નથી.

કોઈ પ્રશ્ન કરે કે :– અનાદિ કાળનો સંસાર ટળે કે નહિ?

સમાધાન : 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર'

પણ 'અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.'

કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય,

તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ''શ્રીમદ્''

જીવ ઉંઘમાંથી જાગે છે ત્યારે કરોડ વરસનું સ્વપ્ન પણ ખલાસ થઈ જાય છે. સ્વપ્નદશા હતી ખરી, તદ્દન અભાવ ન હતો. જેમ જાગૃતકાળમાં સ્વપ્નનો અભાવ થાય છે તેમ સ્વભાવની જાગૃતિમાં શુભાશુભ ભાવનો અભાવ થાય છે. શુભાશુભ ભાવો વિકૃતદશા છે, મૂળ સ્વભાવમાં નથી. સ્વભાવમાં હોય તો તે સિધ્ધમાં હોવા જોઈએ; પણ સિધ્ધમાં હોતા નથી, માટે તે મૂળ સ્વભાવમાં નથી. જીવ નવા નવા ઊભા કરે છે. મના કરે તો થાય ને ન કરે તો ન થાય. શરીર, બૈરા, છોકરાં તે સંસાર નથી પણ પોતાની ભ્રાંતિ તે સંસાર છે. તે કાયમ એકરૂપ રહેતો નથી. એકવાર પોતાના સ્વભાવનું જ્ઞાન કરે તો અનાદિના રાગ-દ્વેષ ટળી જાય છે.

૧૫. ''ઊપજે મોહ વિકલ્પથી'' એ પદમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ મૂકી દીધેલ છે. જાગૃતદશા ઊપજે છે, મોહદશાનો વિલય થાય છે ને પોતે કાયમ ધ્રુવ રહે છે.

વળી કહ્યું છે કે :

દર્શન મોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ... ''શ્રીમદ્''

પુણ્ય-પાપ મારાં છે, શરીર મારું છે એવી દ્રષ્ટિ તો પ્રથમ છૂટી ગઈ હતી. દર્શનમોહ તો વ્યતીત થઈ ગયો હતો ને સમ્યક્બોધ ઊપજ્યો હતો. શરીર રહિત, કર્મરહિત ને વિકારરહિત એકલા ચૈતન્યનું જ્ઞાન વર્તે છે. તેથી સ્વરૂપ તરફ વળતાં વિકાર ટળી શકે છે ને અવિકારી દશા પ્રગટ થઈ શકે છે. વિકાર ને શરીર રહિત આત્માના શુદ્ધસ્વભાવના આશ્રયે આનંદમાં સમયે સમયે ઝૂલે છે,તે આનંદમાં ઝૂલતાં ઝૂલતાં દેહ છૂટી જાય તેને સમાધિમરણ કહે છે.

## અજ્ઞાનીએ અજ્ઞાનના કારણે લીલાછમ આત્માને સૂકવી રાંકા ગલુડિયાંની જેમ અનંતા ભવો કર્યા છે.

સર્વજ્ઞે કહેલા તત્ત્વને યથાર્થ જાણ્યા વિના અજ્ઞાનમરણે જીવ ઘણીવાર મર્યો. રાંકા ગલુડિયાં જેમ મરી જાય છે તેમ અજ્ઞાની સમજણ વગર ઘણીવાર રાંકાની જેમ મર્યો છે, ભગવાને કહેલાં નવ તત્ત્વો જાણ્યાં નથી. દયા-દાન પુણ્ય તત્ત્વ છે. હિંસા, જૂઠું પાપતત્ત્વ છે, શરીર અજીવતત્ત્વ છે, પુણ્ય-પાપ આસ્રવ ને બંધનું કારણ છે તોપણ તેનો આશ્રય અજ્ઞાની જીવ કરે છે પણ તે બધાં તત્ત્વથી નિરાળા જીવતત્ત્વનો આશ્રય કરતો નથી.

કોઈ જીવ પાંચ કરોડ રૂપિયા મરણ વખતે પાછળ મૂકી જાય ને કુટુંબ છૈયાં છોકરાં બધું હોય તો તે લીલી વાડી મૂકી ગયો એમ અજ્ઞાની માને છે પણ તે લીલી વાડી નથી. તેણે તો અજ્ઞાનમાં લીલાછમ આત્માને સૂકો કરી નાખ્યો છે.

## સમ્યક્જ્ઞાનરૂપી એક જ ચિનગારી અનંત ભવનો નાશ કરે છે.

અજ્ઞાનીને અનાદિથી સૂકી વાડી અવસ્થામાં છે. પુણ્ય-પાપ પૂરતો આત્માને માની ભ્રાંતિ કરે છે. ચિદાનંદ ભગવાનને આશ્રયે વિકારની સૂકી વાડી બળીને અવિકારની લીલી વાડી જીવ પોતાની પર્યાયમાં ઉત્પન્ન કરી શકે છે પણ આ આત્માની વાત સત્ સમાગમ વિના જીવે જાણી નથી.

'પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત.' "શ્રીમદ્"

અનંતકાળથી સાચા ગુરુ મળ્યા નથી. પોતે પાત્ર થાય તો તેને જરૂર મળે. તીર્થંકર પરમાત્માએ પૂર્ણદશા પામીને વાણીથી જે રહસ્ય કહ્યું છે તે એક સમય પણ સમજે તેને ભવ રહેતા નથી. અગ્નિનો એક નાનો તણખો મોટા ઘાસના ઢગલાનો નાશ કરે છે તેમ જ્ઞાનાનંદ ભગવાનની પ્રતીતિની એક જ ચિનગારી અનંત ભવનો નાશ કરે છે.

"એક જ દે ચિનગારી મહાનલ એક જ દે ચિનગારી"

આ ચિનગારી કોઈ બીજો જીવ આપવા સમર્થ નથી. પોતે પ્રગટ કરે તો થાય તેમ છે.

## સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ કરવાની જરૂર છે.

જીવોએ આ વાત સાંભળી નથી ને સ્વભાવ સમજ્યા વિના જન્મ-મરણ ટળે નહિ. ધર્મ મારા આત્મામાં થાય છે ને હું મારા આશ્રયે સમજું છું ત્યારે ગુરુ નિમિત્ત હોય છે. ગુરુ ધર્મ પમાડી દેતા નથી તેથી જેને અધર્મ ટાળી ધર્મ કરવો છે તેણે સ્વ ભાવનો આદર કરવો જોઈશે.

"દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો." શ્રીમદ્

શરીર, મન, વાણી તો નહિ પણ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો રાગ પણ નહિ. એકલા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનો આશ્રય જેણે લીધો છે તેને વિકારની રુચિ છૂટી જાય છે ને સ્વભાવની રુચિ થાય છે. તેના પુણ્ય-પાપ ક્ષીણ થતાં જાય છે. તે ટકે એવા તત્ત્વો નથી. આવી રીતે મિથ્યાશ્રદ્ધાનો પલટો કરી, વિકારનો પલટો થઈ, જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય પ્રગટે છે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રને યાદ લાવીને ધર્મી જીવ પોતાના સ્વભાવના બહુમાનમાં વળે છે. પૂર્વનો સત્સમાગમ શ્રીમદ્ને યાદ આવે છે. જ્ઞાનીનો સત્સમાગમ પૂર્વે કરેલો હતો તેના આ કાળે વિરહ પડ્યા–તેમ કહી સતના સમાગમને યાદ કરે છે.

આગ્રહ છોડી સમજવા માગે તે જીવ સમજી શકે એમ છે. તે સમજવાની તાકાત બહારથી આવતી નથી. સમજ્યા વિના નવમી ગ્રૈવેયકે જીવ અનંતવાર ગયો છે પણ ચૈતન્યધામની તેને ખબર ન હોવાથી પરિભ્રમણ ટળ્યું નહિ. માટે દ્રષ્ટિ પલટવાની જરૂર છે.

શરીર મારું માનીને તથા પુણ્ય-પાપથી લાભ માનીને હું વિકારનો કર્તા ને હરખશોકનો ભોક્તા થતો હતો પણ તે મારી ભૂલ હતી. જીવ પોતે તેને ટાળી શકે છે.જીવ પર પદાર્થને ભોગવતો નથી પણ વિકારીભાવને ભોગવે છે. તે ભાવની રુચિ છોડી સાચી સમજણ કરી નિર્વિકારી આત્મા તરફ વળે ને હું તો અવિકારી પર્યાયનો કર્તા છું ને શાંત રસનો ભોક્તા છું એમ નિર્ણય કરે તો અજ્ઞાનભાવ ટળે તેમ છે. જ્ઞાની સ્વરૂપનો કર્તા-ભોક્તા છે, અજ્ઞાની રાગ-દ્વેષનો કર્તા ને હરખ-શોકનો ભોક્તા છે. પણ શરીર, મન, વાણીનો કર્તા તો અજ્ઞાની પણ હોતો નથી, તે ઊંધી માન્યતા કરે છે. તે ઊંધી માન્યતાનો નાશ કરવા માગે તો સત્ સમાગમે પોતાના પુરુષાર્થ વડે નાશ થઈ શકે તેમ છે પણ દેવ-ગુરુ-શાસ્ત્ર ધર્મ કરાવી દેશે ને કર્મ રખડાવે છે એમ માને ત્યાં સુધી ધર્મ થાય નહિ માટે દ્રષ્ટિ ફેરવવાની જરૂર છે.

હવે શ્રીમદ્ના છેલ્લા શબ્દો :–

સુખધામ અનંત સુસંત ચહિ,
દિનરાત રહે તદ્ ધ્યાન મંહિ,
પર શાન્તિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

પોતાના આત્મામાં શાંતિ ને સુખ પ્રગટ કરવા ઇચ્છા હોય તેણે એવા સંતને ચહિ એટલે કે દિનરાત સંતે ઉપદેશો કહેલા છે કે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેમાં જ રુચિ તથા વૃત્તિને કાયમ રાખવી અને વિકલ્પ અલ્પ રહે તો સાચા સંતનો સમાગમ કરવો.

આત્મામાં પુણ્ય-પાપરૂપ વિકાર થાય છે તે ઝેરધારા છે, દુઃખદાયક-કષ્ટદાયક છે. બનારસીદાસે વિકારને મુધામય એટલે વ્યર્થ કહ્યા છે. સ્વરૂપ સમજી આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટે તે ધર્મધારા છે. તે પ્રશાંત સુધામય ચૈતન્યધારા છે.

અહીં સ્વભાવની શ્રદ્ધા કરી સુધામય ધારા પ્રગટી છે તેના ફળમાં પરમાત્મપદ-પરમપદની પ્રાપ્તિ થશે તે પરમપદને નમસ્કાર કર્યો છે. 'તે પ્રધાનપદનો જય થાઓ' એમ કહી તે પદ પૂરૂં કર્યું છે. ચૈત્ર સુદ ૯ના આ પદ બનાવેલ છે ને ચૈત્ર વદ-પના સમાધિ મૃત્યુ પામેલા છે.

# શરીર શિથિલ થતી વખતે ને મૃત્યુ વખતે કોણ શરણ છે?

અજ્ઞાની જીવોને કેવળી ભગવાન પણ પરાણે સમજાવી દે તેમ નથી. સમજવાની લાયકાત હોય તે જીવ સમજે છે ને તેને સમજણમાં જ્ઞાની નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની શરીરાદિ બાહ્ય સાધનથી ધર્મ માને છે. શરીરાદિ ધર્મના બાહ્યસાધન હોય તો જ્યારે શરીર ઢીલું પડે, અવયવો ઢીલા પડે, મંદિરે જઈ શકે નહિ, આંખેથી દેખાય નહિ, કાનેથી સંભળાય નહિ, નાકથી સુંઘાય નહિ, સ્પર્શથી સ્પર્શાય નહિ અને મનના પરમાણુઓ પણ બરાબર કામ કરતા ન હોય તે વખતે ધર્મ કેવી રીતે કરીશ? કોઈ સાધન ખરું? મૃત્યુ સમયે પચ્ચખાણ કરાવે છે પણ સમજણ વિના શેના પચ્ચખાણ? ક્યાં ધર્મ કરીશ? મૃત્યુ વખતે કોણ શરણ?

## જ્ઞાનસ્વભાવ એક જ શરણરૂપ છે.

ઓળખાણ કર કે હું ઢીલો પડ્યો નથી. હું આત્મા છું, શરીરનું ગમે તે થાય, બાહ્ય સંયોગો અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, તેની મને જરૂર નથી. હું તો શરીર, ઇન્દ્રિયો તથા પુણ્ય-પાપના વિકાર રહિત ચૈતન્ય છું. અણસમજણમાં પુણ્ય-પાપનો કર્તા-ભોક્તા થતો હતો. હવે તો મેં ચૈતન્ય આનંદસ્વરૂપનો આશ્રય લીધો છે. તેમાંથી પરમ શાંતિરૂપ અમૃતના ઝરણાં વહે છે, અમૃતના ઓડકાર આવે છે. સ્વભાવનું ભાન કરી શાંતિ પ્રગટી છે ને પૂર્ણપદની પ્રાપ્તિ કરવા માટે જાઉં છું. આમ મૃત્યુ વખતે હાથતાળી દેતો જે જીવ શરીરને છોડે છે તે દશાને સમાધિમરણ કહે છે.

શ્રીમદ્ કહે છે કે ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. જુઓ તેમનો પુરુષાર્થ. ને જે અધૂરું રહ્યું છે તે આવતા ભવમાં પૂરું કરી સ્થિરતા પૂરી થશે.

અવશ્ય કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક જ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.

ક્યાંય જવાનું કહ્યું નથી પણ સ્વરૂપે પરિપૂર્ણ થઈશું, એમ કહ્યું છે. એટલે કે પૂર્ણ થઈ જઈશું એવો કોલકરાર કરીને હાથતાળી મારતા જાય છે.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? 'શ્રીમદ્'

શ્રીમદ્ સર્વજ્ઞ થયા નથી પણ તેમણે સર્વજ્ઞદશાનું ધ્યાન કર્યું છે. વિકલ્પની વાત નથી. તે પૂર્ણપદને પામીશું એમ પ્રભુની આજ્ઞા છે ને અમોને પણ પૂરી ખાત્રી છે. સાકર ખાનારને સાકર કેવી હશે તે કોઈને પૂછવા જવું પડતું નથી, તેમ આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરેલ જીવને પોતાની મુક્તિ થશે કે નહિ તે માટે કોઈને પૂછવું પડતું નથી. પોતાની નબળાઈને લીધે પૂર્ણતા પામી શક્યા નથી ને તેથી થોડાં કર્મ નિમિત્તરૂપે બાકી રહ્યાં છે. તે નબળાઈને ટાળીને પરિપૂર્ણ સ્વરૂપને પામીશું—આવી ભાવના સહિત ગયા છે.—આને સમાધિમરણ કહે છે.

'समाहिवरमुत्तमं दिंतु' એટલે શું?

જીવોએ અનંતકાળથી જ્ઞાનીને સ્વભાવ દ્વારા ઓળખ્યા નથી. લોગસ્સમાં આવે છે કે ''समाहिवरमुत्तमं दिंतु'' 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પૂર્વક સમાધિ મને આપજો'—એ તો નિમિત્તથી કથન છે. નિર્માનતાની બોલણી છે. ''હે આત્મા એવું વરદાન આપ કે પૂર્ણ પદને પામું એટલે કે પરમાત્મશક્તિ અંદર પડી છે તે પર્યાયમાં ફાટો એટલે કે પ્રગટ થાઓ.'' આવી અંતરભાવનાનાં ધર્માત્મા વખાણ કરે છે. અજ્ઞાની રાજા ઘણા મરી જાય છે, લોકો તેની માંડવી કાઢે છે ને માન આપે છે, તેમાં કાંઈ માલ નથી. પણ ધર્મીનું શરીર જીર્ણ થઈ ગયું હોય તોપણ તે ધર્માત્મા સમાધિમૃત્યુ પામી પૂર્ણ સમાધિ એટલે પૂર્ણ પરમાત્મા થવાના છે.